જા.નં./વીડીયો/ ૪૬૪ /૨૦૨૬
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ,
ભાવનગર.
તા. ૨૪/૦૨/૨૦૨૬

વંચાણે લી ધોઃ- ૧) નામ.હાઇકોર્ટ ના સરકર્યુલર નં સી/૨૬૨૩/૦૧ , તા૦૨/૦૩/૨૦૧૫
૨) ચીફ કોર્ટ તથા તાબાની એડી.ચીફ કોર્ટ દવારા વીડીયો કોન્ફરન્સ દવારા કેદીઓના પ્રોડકશન અંગે કાર્યવાહી કરવા અંગેનો નામ. ડીસ્ટ્રીકટ કોર્ટના જા.નં.બી/વિડીયો/ ૧૦૨૬૨/૨૦૧૩ તા.૨/૯/૧૩ ના પત્ર અનુસંધાને
૩) જા.નં.બી/વિડીયો/૧૮૧૮/૨૫ તા.૦૯/૧૨/૨૫ ચીફ જયુડી. મેજી.કોર્ટ,ભાવનગર

-: કચેરી આદેશ નંબર ૧૭ / ૨૦૨૬ :-

આથી ભાવનગર ખાતે ફરજ બજાવતા તમામ જયુડીશ્યલ ઓફીસર્સને નામ.પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબના ઉપરોકત પત્ર અનુસંધાને જણાવવામાં આવે છે કે જીલ્લા જેલ ભાવનગર તથા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટો /જયુડી.મેજી.ફ.ક. ભાવનગરની કોર્ટ વચ્ચે વિડીયો કોન્ફરન્સીંગ સીસ્ટમના માધ્યમથી કેદીઓના પ્રોડકશન રજુ કરવાની કાર્યવાહી કરવા માટે દર સપ્તાહના મંગળવાર અને શુક્રવાર ના રોજ (જો મંગળવાર /શુક્રવાર ના રોજ જાહેર રજા આવતી હોય તો આગળના ચાલુ કામ ના દીવસે કરવાની રહેશે) વ્યવસ્થા કરવામાં આવે છે. જે અંગે ની કામગીરી માટે નીચે જણાવ્યા મુજબ પ્રિસાઇડીંગ ઓફીસર્સશ્રીઓના હુકમ કરવામા આવે છે.

ક્રમ	કોર્ટ નું નામ	મહીનો/વર્ષ
૧.	કુ. પી.પી.પટેલ સાહેબ ત્રીજા એડી. જયુડી. મેજી.ફ.ક. સાહેબ, ભાવનગર	માર્ચ–૨૦૨૬
૨.	કુ. કે.એ.પઠાણ સાહેબ, ચોથા એડી. જયુડી. મેજી.ફ.ક. સાહેબ, ભાવનગર	એપ્રિલ–૨૦૨૬

વધુમાં જણાવવાનું કે, આથી તમામ જયુડી.ઓફીસરશ્રીઓને જણાવવામાં આવે છે કે , ઉપર દર્શાવેલ કાર્યક્રમ અનુસાર વીડીયો કોન્ફરન્સીંગ સીસ્ટમના માધ્યમથી કેદીઓના પ્રોડકશન (રજુ) કરવાની કાર્યવાહી માટે વીડીયો કોન્ફરન્સ રુમ , એનેકસી બીલ્ડીંગ ભાવનગર ખાતે ઉપરોકત દિવસે સવારે ૧૦–૩૦ કલાકે જે કોર્ટ પ્રિસાઇડીંગ ઓફીસર શ્રી સાથે તે કોર્ટ ના સુપ્રીન્ટેન્ડન્ટશ્રી/આસિસ્ટન્ટશ્રીએ વિડીયો કોન્ફરન્સ રુમમાં ઉપરોકત દિવસોએ હાજર રહેવાની ખાસ સુચના આપવામાં આવે છે તથા વધુમાં જણાવવામાં આવે છે કે જે કોર્ટનો વારો હોય તે કોર્ટના કર્મચારીશ્રીએ વિડીયો કોન્ફરન્સ રૂમની ચાવી તથા હાજરીની ફાઇલ નિભાવવી તેમજ વિડીયો કોન્ફરન્સ રૂમ કોન્ફરન્સ સમયે ખોલવા તથા કામગીરી પુર્ણ થયે વ્યવસ્થીત બંધ કરવા અંગેની કાર્યવાહી કરવી તેમજ વારો પુર્ણ થયા બાદ અન્ય જે કોર્ટનો વારો હોય તેના કર્મચારીને ફાઇલ તથા ચાવી સોંપી આપવી.

(જે.એસ.મહેતા)
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ભાવનગર

નકલ રવાના :-
મહેરબાન પ્રિન્સીપાલ સેશન્સ જજ સાહેબ શ્રી, ભાવનગર.
તમામ એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રી, ભાવનગર.
તમામ જયુડી. મેજી. ફ. ક. સાહેબશ્રી,ભાવનગર.
જેલર શ્રી, જીલ્લા જેલ, ભાવનગર.